# પત્રક ભાગ – ૩
# પંદરમી ગુજરાત વિધાનસભા

## શનિવાર, તા.૧૮મી જુલાઇ, ૨૦૨૬

### ૪૦૫.સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિની બેઠક.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૧૪-૦૭-૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડ-૪માં મળી હતી. આ બેઠકમાં સમિતિ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના (૧) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડ, (૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અને (૩) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડના પંદરમી ગુજરાત વિધાનસભાના સત્રો દરમિયાન વિલંબથી મૂકવામાં આવેલા અહેવાલોની તપાસ હાથ ધરવામાં આવનાર હતી. પરંતુ ઉકત વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મમતા વર્મા સમિતિની બેઠકમાં ગેરહાજર રહ્યા હોવા બાબતની તેમજ બેઠકમાંથી ગેરહાજર રહેવા સંબંધી મંજૂરી, બેઠકના આગળના દિવસે સાંજના ૫-૧૦ કલાકે લેવા બાબતની સમિતિએ ગંભીર નોંધ લીધી હતી અને સમિતિએ બેઠકમાં હાજર રહેવામાંથી મુક્તિ માગતો પત્ર આકસ્મિક સંજોગો સિવાય ઓછામાં ઓછા ૪ દિવસ પહેલાં મંજૂરી લેવા માટે સમિતિના માનનીય પ્રમુખશ્રીને સાદર કરવા તેમજ આગામી સમયમાં આ બાબતે પૂરતી કાળજી લેવા પણ વિભાગને સૂચન કરી આગામી બેઠકમાં અધિક મુખ્ય સચિવશ્રીને અચૂક ઉપસ્થિત રહેવા તથા વિભાગના વડા અને નિગમના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં તપાસ ફરીથી હાથ ધરવાના નિર્ણય સાથે સમિતિની ઉકત બેઠક મુલતવી રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**